ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૨૨૯૮ – ૨૩૩૨
ગુજરાત માધ્યમિક અને,
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૧/૦૮/૨૦૨૦.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- ધોરણ-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે BISAG ના માધ્યમથી શૈક્ષણિક કાર્યક્રમો પ્રસારિત કરવા બાબત.

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા દ્વારા BISAGના માધ્યમથી 'વંદે ગુજરાત' ચેનલ નંબર-૯ થી ૧૨ પરથી ધોરણ-૯ થી ૧૨ના મુખ્ય વિષયોના શૈક્ષણિક કાર્યક્રમો તેમજ NEET માટેના શૈક્ષણિક કાર્યક્રમ પ્રસારિત કરવામાં આવે છે. 'વંદે ગુજરાત' ચેનલ દૂરદર્શનની ડી. ટી.એચ. સર્વિસ ડી. ડી. ફ્રી ડીશ પર ઉપલબ્ધ છે. તાજેતરમાં નોવલ કોરોના વાયરસ (COVID-19)નાં સંક્રમણના કારણે ઉપસ્થિત થયેલ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓ ઘેરબેઠાં આ શૈક્ષણિક કાર્યક્રમો દ્વારા તેમનો અભ્યાસ ચાલુ રાખી શકે છે. આ શૈક્ષણિક કાર્યક્રમોના પ્રસારણનું સપ્ટેમ્બર માસનું આયોજન આ સાથે સામેલ પત્રક મુજબ કરવામાં આવેલ છે.

આ શૈક્ષણિક કાર્યક્રમોનો લાભ વિદ્યાર્થીઓ મહત્તમ સંખ્યામાં મેળવે તે માટે આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને આ અંગે જાણ કરવા વિનંતી છે.

યોજના
૨૫।૮

બિડાણ: ઉપર મુજબ

(બી.એન.રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

---

ક્રમાંક:યોજના/પરચ/૨૦૨૦/૨૩૧
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
ભાવનગર તા.૨૮/૦૮/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
ભાવનગર

ઉક્ત પત્રની જાણ તથા અમલ થવા સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ:
શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી

Scanned with CamScanner

# દૂરદર્શન પ્રસારણ

## સપ્ટેમ્બર- 2020

| તારીખ | વાર | (સમય:12-1) | | | (સમય:3-4) | | |
|---|---|---|---|---|---|---|---|
| 01-09-20 | મંગળવાર | ધોરણ-9 | વિજ્ઞાન : | નૈસર્ગિક સ્રોતો પ્ર-14 ભાગ-2 | ધોરણ-12 | ગણિત : | શ્રેણિક પ્ર-3 ભાગ-1 |
| 02-09-20 | બુધવાર | ધોરણ-9 | વિજ્ઞાન : | નૈસર્ગિક સ્રોતો પ્ર-14 ભાગ-3 | ધોરણ-12 | ગણિત : | શ્રેણિક પ્ર-3 ભાગ-2 |
| 03-09-20 | ગુરૂવાર | ધોરણ-9 | વિજ્ઞાન : | નૈસર્ગિક સ્રોતો પ્ર-14 ભાગ-4 | ધોરણ-12 | ગણિત : | શ્રેણિક પ્ર-3 ભાગ-3 |
| 04-09-20 | શુક્રવાર | ધોરણ-9 | વિજ્ઞાન : | નૈસર્ગિક સ્રોતો પ્ર-14 ભાગ-5 | ધોરણ-12 | ગણિત : | શ્રેણિક પ્ર-3 ભાગ-4 |
| 05-09-20 | શનિવાર | ધોરણ-10 | ગણિત : | દ્વિચલ સુરેખ સમીકરણયુગ્મ પ્ર-3 ભાગ-1 | ધોરણ-11 | ગણિત : | ત્રિકોણ મિતિય વિધેયો પ્ર-3 ભાગ-1 |
| 06-09-20 | રવિવાર | ધોરણ-10 | ગણિત : | દ્વિચલ સુરેખ સમીકરણયુગ્મ પ્ર-3 ભાગ-2 | ધોરણ-11 | ગણિત : | ત્રિકોણ મિતિય વિધેયો પ્ર-3 ભાગ-2 |
| 07-09-20 | સોમવાર | ધોરણ-10 | ગણિત : | દ્વિચલ સુરેખ સમીકરણયુગ્મ પ્ર-3 ભાગ-3 | ધોરણ-11 | ગણિત : | ત્રિકોણ મિતિય વિધેયો પ્ર-3 ભાગ-3 |
| 08-09-20 | મંગળવાર | ધોરણ-10 | ગણિત : | દ્વિચલ સુરેખ સમીકરણયુગ્મ પ્ર-3 ભાગ-4 | ધોરણ-11 | ગણિત : | ત્રિકોણ મિતિય વિધેયો પ્ર-3 ભાગ-4 |
| 09-09-20 | બુધવાર | ધોરણ-9 | ગણિત : | બહુપદીઓ પ્ર-2 ભાગ-1 | ધોરણ-11 | ગણિત : | ત્રિકોણ મિતિય વિધેયો પ્ર-3 ભાગ-5 |
| 10-09-20 | ગુરૂવાર | ધોરણ-9 | ગણિત : | બહુપદીઓ પ્ર-2 ભાગ-2 | ધોરણ-11 | ગણિત : | ત્રિકોણ મિતિય વિધેયો પ્ર-3 ભાગ-6 |
| 11-09-20 | શુક્રવાર | ધોરણ-9 | ગણિત : | બહુપદીઓ પ્ર-2 ભાગ-3 | ધોરણ-11 | ગણિત : | ત્રિકોણ મિતિય વિધેયો પ્ર-3 ભાગ-7 |
| 12-09-20 | શનિવાર | ધોરણ-9 | ગણિત : | બહુપદીઓ પ્ર-2 ભાગ-4 | ધોરણ-11 | ગણિત : | ત્રિકોણ મિતિય વિધેયો પ્ર-3 ભાગ-8 |
| 13-09-20 | રવિવાર | ધોરણ-9 | ગણિત : | બહુપદીઓ પ્ર-2 ભાગ-5 | ધોરણ-12 | જીવ વિજ્ઞાન : | પ્રાજનનિક સ્વાસ્થ્ય પ્ર-4 |
| 14-09-20 | સોમવાર | ધોરણ-9 | ગણિત : | બહુપદીઓ પ્ર-2 ભાગ-6 | ધોરણ-11 | નામાનાં મૂળ તત્વો | હિસાબી પધ્ધતિ અને તેના પારિભાષિક શબ્દો પ્ર-1 ભાગ 1 |
| 15-09-20 | મંગળવાર | ધોરણ-10 | વિજ્ઞાન : | નિયંત્રણ અને સંકલન પ્ર-7 ભાગ-1 | ધોરણ-11 | નામાનાં મૂળ તત્વો | હિસાબી પધ્ધતિ અને તેના પારિભાષિક શબ્દો પ્ર-1 ભાગ 2 |
| 16-09-20 | બુધવાર | ધોરણ-10 | વિજ્ઞાન : | નિયંત્રણ અને સંકલન પ્ર-7 ભાગ-2 | ધોરણ-11 | નામાનાં મૂળ તત્વો | હિસાબી પધ્ધતિ અને તેના પારિભાષિક શબ્દો પ્ર-1 ભાગ 3 |
| 17-09-20 | ગુરૂવાર | ધોરણ-10 | વિજ્ઞાન : | નિયંત્રણ અને સંકલન પ્ર-7 ભાગ-3 | ધોરણ-11 | નામાનાં મૂળ તત્વો | હિસાબી પધ્ધતિ અને તેના પારિભાષિક શબ્દો પ્ર-1 ભાગ 4 |
| 18-09-20 | શુક્રવાર | ધોરણ-10 | અંગ્રેજી (SL) : | An interview with Arun Krishnamurthy Read-3 Part-1 | ધોરણ-12 | અંગ્રેજી (SL) : | Unit 1 Part 1 |
| 19-09-20 | શનિવાર | ધોરણ-10 | અંગ્રેજી (SL) : | An interview with Arun Krishnamurthy Read-3 Part-2 | ધોરણ-12 | અંગ્રેજી (SL) : | Unit 1 Part 2 |
| 20-09-20 | રવિવાર | ધોરણ-10 | ગણિત : | રચના પ્ર-11 ભાગ-1 | ધોરણ-12 | અંગ્રેજી (SL) : | Unit 1 Part 3 |
| 21-09-20 | સોમવાર | ધોરણ-10 | ગણિત : | રચના પ્ર-11 ભાગ-2 | ધોરણ-11 | જીવ વિજ્ઞાન : | પ્રાણીસૃષ્ટિ પ્ર-4 ભાગ-1 |
| 22-09-20 | મંગળવાર | ધોરણ-10 | ગણિત : | રચના પ્ર-11 ભાગ-3 | ધોરણ-11 | જીવ વિજ્ઞાન : | પ્રાણીસૃષ્ટિ પ્ર-4 ભાગ-2 |
| 23-09-20 | બુધવાર | ધોરણ-10 | વિજ્ઞાન : | વિદ્યુત પ્ર-12 ભાગ-1 | ધોરણ-11 | જીવ વિજ્ઞાન : | પ્રાણીસૃષ્ટિ પ્ર-4 ભાગ-3 |
| 24-09-20 | ગુરૂવાર | ધોરણ-10 | વિજ્ઞાન : | વિદ્યુત પ્ર-12 ભાગ-2 | ધોરણ-12 | રસાયણ વિજ્ઞાન : | તત્વોના અલગીકરણ માટેના સામાન્ય સિદ્ધાંતો અને પ્રક્રમો પ્ર-6 ભાગ-1 |
| 25-09-20 | શુક્રવાર | ધોરણ-10 | વિજ્ઞાન : | વિદ્યુત પ્ર-12 ભાગ-3 | ધોરણ-12 | રસાયણ વિજ્ઞાન : | તત્વોના અલગીકરણ માટેના સામાન્ય સિદ્ધાંતો અને પ્રક્રમો પ્ર-6 ભાગ-2 |
| 26-09-20 | શનિવાર | ધોરણ-10 | વિજ્ઞાન : | વિદ્યુત પ્ર-12 ભાગ-4 | ધોરણ-12 | રસાયણ વિજ્ઞાન : | તત્વોના અલગીકરણ માટેના સામાન્ય સિદ્ધાંતો અને પ્રક્રમો પ્ર-6 ભાગ-3 |
| 27-09-20 | રવિવાર | ધોરણ-10 | વિજ્ઞાન : | વિદ્યુત પ્ર-12 ભાગ-5 | ધોરણ-12 | રસાયણ વિજ્ઞાન : | તત્વોના અલગીકરણ માટેના સામાન્ય સિદ્ધાંતો અને પ્રક્રમો પ્ર-6 ભાગ-4 |
| 28-09-20 | સોમવાર | ધોરણ-9 | અંગ્રેજી (SL) : | આપણી આસપાસનાં દ્રવ્યો શુદ્ધ છે? પ્ર-2 ભાગ-1 | ધોરણ-12 | આંકડાશાસ્ત્ર : | સુરેખ સહસંબંધ પ્ર-2 ભાગ-1 |
| 29-09-20 | મંગળવાર | ધોરણ-9 | અંગ્રેજી (SL) : | આપણી આસપાસનાં દ્રવ્યો શુદ્ધ છે? પ્ર-2 ભાગ-2 | ધોરણ-12 | આંકડાશાસ્ત્ર : | સુરેખ સહસંબંધ પ્ર-2 ભાગ-2 |
| 30-09-20 | બુધવાર | ધોરણ-9 | અંગ્રેજી (SL) : | આપણી આસપાસનાં દ્રવ્યો શુદ્ધ છે? પ્ર-2 ભાગ-3 | ધોરણ-12 | આંકડાશાસ્ત્ર : | સુરેખ સહસંબંધ પ્ર-2 ભાગ-3 |

Scanned with CamScanner

અગત્યનું

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૨૨૫૩-૯૭
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૧/૦૮/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષયઃ- દૂરદર્શન 'ડી.ડી. ગિરનાર' ચેનલ પરથી ધોરણ-૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે HOME LEARNING કાર્યક્રમ અંતર્ગત શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ નિહાળવા બાબત.

સંદર્ભઃ-૧. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઈ/૧૧/૨૦૨૦/૧૯૨૯૩૧/ક, તા.૦૫/૦૬/૨૦૨૦

૨. સર્વ શિક્ષા કચેરીના પત્રક્રમાંક: એસ.એસ.એ./QEM/2020/૧૬૧૦૮-૧૬૧૭૮ તા.૦૮/૦૬/૨૦૨૦

૩. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૧૬૮૬-૧૭૨૦, તા.૧૦/૦૬/૨૦૨૦

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ૮ જુનથી શરૂ થયેલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧માં હાલની કોરોના મહામારીને કારણે વિદ્યાર્થીઓને શાળાઓમાં બોલાવી શૈક્ષણિક કાર્ય કરાવી શકાય તેમ નથી. જેથી વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્ય માટે રાજ્ય કક્ષાએથી ધો-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે તૈયાર કરેલ શૈક્ષણિક કાર્યક્રમોનું બાયસેગ દ્વારા 'વંદે ગુજરાત' ચેનલ નં.-૯ થી ૧૨ પરથી ચોવીસ કલાક પ્રસારણ થઇ રહ્યું છે. દૂરદર્શનની ડી. ટી.એચ. સર્વિસ ડી. ડી. ફ્રી ડીશ પર 'વંદે ગુજરાત' ચેનલ ઉપલબ્ધ છે. આ ઉપરાંત, તા.૧૫.૦૬.૨૦૨૦થી ટી.વી.ના માધ્યમથી એટલે કે દૂરદર્શન કેન્દ્ર ડી.ડી. ગિરનાર ચેનલથી શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ શરૂ થયેલ છે. આ અંગે તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ તથા શિક્ષકો દ્વારા વાલીઓ તેમજ વિદ્યાર્થીઓને આ "હોમ લર્નિંગ" કાર્યક્રમની જાણકારી આપવા માટે અત્રેના સંદર્ભ-૩ દર્શિત પત્રથી જણાવવામાં આવેલ છે.

કોરોના મહામારીને કારણે વિદ્યાર્થીઓ ઘરે રહીને અભ્યાસ કરી શકે તે માટે તા.૧૫.૦૬.૨૦૨૦થી ધો- ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે "હોમ લર્નિંગ" કાર્યક્રમનું ડી.ડી. ગિરનાર ચેનલ પરથી પ્રસારણ શરૂ થયેલ છે. આ સાથે સપ્ટેમ્બર માસના શૈક્ષણિક કાર્યક્રમોના પ્રસારણનું સમયપત્રક સામેલ છે. જેમાં દર્શાવેલ તારીખ અને સમય મુજબ જે તે ધોરણના વિદ્યાર્થીઓ બિનચૂક આ કાર્યક્રમ નિહાળી પોતાના શૈક્ષણિક કાર્યમાં અભિવૃદ્ધિ કરે તે માટે આપની કક્ષાએથી આચાર્યશ્રીઓ તથા શિક્ષકશ્રીઓને તાત્કાલિક જાણ કરી કાર્યક્રમની સફળતા માટે જરૂરી આયોજન કરવા જણાવવામાં આવે છે.

E:\PK-(BISAG\2020\Doordarshan\પરિપત્ર-દૂરદર્શન પ્રસારણ September 21.08.2020.docx

યોજના
1357 ઇ.માવો
24/8/2020

Scanned with CamScanner

વિશેષમાં, વિદ્યાર્થીઓ જ્યારે કાર્યક્રમ નિહાળે ત્યારે જણાવેલ સમયપત્રક મુજબના પાઠ્યપુસ્તક, પેન-પેન્સિલ, નોટબુક જેવી જરૂરી શૈક્ષણિક સામગ્રી સાથે લઈને બેસે અને તેમાં જરૂરી નોંધ કરે તેની તકેદારી રાખવા અંગે જરૂરી સૂચના તથા માર્ગદર્શન આપવા પણ જણાવવામાં આવે છે.

આ "હોમ લર્નિંગ" માટે શાળાના આચાર્યશ્રીઓ તથા શિક્ષકશ્રીઓના સંપર્કમાં રહી પ્રત્યેક બાળક આ પ્રસારણ નિહાળે અને અધ્યયન કરે તે અંગે માર્ગદર્શન અને મોનીટરીંગ માટે આપની કક્ષાએથી યોગ્ય આયોજન કરવા જણાવવામાં આવે છે. આ અંગે આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવે તે માટે તેઓને જાણ કરવા વિનંતી કરવામાં આવે છે.

(બી. એન. રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

બિડાણ: સપ્ટેમ્બર માસના પ્રસારણનું સમય પત્રક

ક્રમાંક:યોજના/પરચ/૨૦૨૦/૨૩૨
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
ભાવનગર તા. ૨૮/૦૮/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
ભાવનગર

ઉક્ત પત્રની જાણ તથા અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

<u>નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ:</u>
શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી

Scanned with CamScanner